# પાલનપુરમાં વાહન ટોઈંગ કરતા કોન્ટ્રાક્ટરના અભદ્ર વર્તનથી વાહનચાલકો પરેશાન

પાલનપુર, તા. ૫

પાલનપુર શહેરમાં આડેધડ પાર્ક કરેલા વાહનોના ચાલકને કાયદાના પાઠ ભણાવવા માટે જિલ્લા પોલીસ વડાએ શહેરમાં ટોઈંગવાન લાવી દીધી છે અને કોન્ટ્રાક્ટરોને આપી પણ દીધી છે. જે શહેરીજનો માટે સારી બાબત છે. પરંતુ કોન્ટ્રોક્ટરો વાહન ચાલકોના વાહનો આડેધડ રીતે ટોઈંગમાં નાખે છે અને મોટી નુકશાન થાય છે આથી વાહનચાલકો ભારે રોષે ભરાયા છે અને કોન્ટ્રાક્ટરો સામે પગલા ભરાય તેવી માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવે શહેરમાં આડેધડ પાર્ક કરેલા વાહનોના વાહનચાલકોને કાયદાનું ભાન કરાવવા માટે ટોઈંગ શહેરમાં લાવવામાં આવેલ છે. અને તેનો કોન્ટ્રાક્ટ પણ આપવામાં આવ્યો છે. ઉપરાંત કોન્ટ્રાક્ટરના સ્ટાફ સાથે ટ્રાફિક પોલીસ પણ રાખવામાં આવી છે જે શહેરીજનો માટે સારી બાબત છે. પરંતુ ચા કરતા કીટલી વધુ ગરમ હોય તેમ કોન્ટ્રાક્ટર પોતાને એસ.પી. સમજતા હોય તેમ વાહનચાલકોના વાહનોને આડેધડ રીતે ટોઈંગની ટ્રોલીમાં નાંખે છે. જેના કારણે વાહનોને લીસોટા પડવા, કલર ઉખડી જવા અને કાચ તુટી જવાના અને નંબર પ્લેટો વળી જવાના બનાવો બને છે. જ્યારે ગમે તે વિસ્તારોમાંથી વાહનો ટોઈંગ કરાય છે અને ટોઈંગ કરી ટોઈંગવાન વાળાઓ વાહન ચાલકો તેનું વાહન કયા પોલીસમથકમાં મુકાયું છે તેની પણ જાણ કરતા નથી તો બીજી તરફ ટોઈંગ કોન્ટ્રાક્ટર નિકુલ ઓઝા વાહન ચાલકો સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને વાહનચાલકોને હડધૂત કરી રહ્યા છે તેવી ફરિયાદ ઉઠવા પામી છે. તો વાહનચાલકોને દંડ ભરીને પણ ઘણુ બધુ સહન કરવાનો વારો આવે છે. આથી વાહન ચાલકો ભારે રોષે ભરાયા છે. અને ટોઈંગ કોન્ટ્રાક્ટરો સામે કડક પગલા લેવાય તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

# હિંમતનગરના છાપરીયા વિસ્તારની સગીરા ગૂમ થતાં ફરિયાદ થઈ

હિંમતનગર, તા.૫

હિંમતનગર શહેરના છાપરીયા વિસ્તારની નૂતન વિહાર સોસાયટીઓમાંથી એક સગીરા ઘરેથી શાકભાજી લેવા જવાનું કહી ઘરેથી નિકળ્યા બાદ પરત ન આવતા સગીરાના પિતાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતિ અનુસાર છાપરીયા વિસ્તારની નૂતન વિહાર સોસાયટીમાં રહેતા પ્રકાશભાઈ શંકરભાઈ મારવાડી (ખત્રી)ની પુત્રી પુષ્પાબેન (ઉ.વ.૧૬) ગત રોજ ઘરેથી શાકભાજી લેવા જવાનું કહી નીકળ્યા બાદ ઘરે પરત ન ફરતા તેણીના પિતા પ્રકાશભાઈએ જાણવા જોગ ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધાવતા પી.એસ.આઈ. કે.આર. પરમારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મામાં બેરોકટોક ખનીજની હેરાફેરી

લક્ષ્મીપુરા, તા. ૫

ખેડબ્રહ્મા શહેરથી નાકા ગામ સુધીના મુખ્ય માર્ગ પર દરરોજ ખનીજ ભરેલા ઓવરલોડ વાહનો બેરોકટોક અવર-જવર કરી રહ્યા છે. તે મુદ્દો હાલ નગરમાં ચર્ચાઈ રહ્યો છે. અને બેફામ ખનીજ ટ્રેક્ટરની હેરાફેરી કરતા તેમજ કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી થાય તેવું નાગરિકો ઈચ્છી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્માથી નાકાગામ સુધીના મુખ્ય માર્ગ પર છેલ્લા ઘણા સમયથી દિવસ-રાત ટ્રેક્ટર, ટેમ્પો, ઊંટગાડી વિગેરેમાં ઓવરલોડ ખનીજ ભરી બેરોકટોક હેરાફેરી થઈ રહી છે. દરરોજ સિલવાડની નદીમાંથી ધોળે દહાડે રેતી-પત્થર અને માટી સેંકડો ટ્રકો કોની રહેમ નજર નીચે ફરી રહી છે અને તે ટ્રકો રોયલ્ટી ચૂકવી રહ્યા છે કે કેમ તે પણ હાલ ચર્ચાનો મુદ્દો છે. ત્યારે લાગતા-વળગતા અધિકારીઓ આ મામલે યોગ્ય તપાસ કરાવે તેવી માંગ કરી રહ્યા છે.

# ઊંઝામાં એક સપ્તાહમાં બે સ્થળેથી લાખોનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## તમામ બુટલેગરો ફરાર : પોલીસ માટે પ્રજામાં અનેક તર્કવિતર્ક

ઊંઝા, તા. ૫

ગત સપ્ટેમ્બર માસમાં ઊંઝા નજીકના ઔઠોર ગામની સીમના ખેતરમાં આવેલ ઓરડીઓ પરથી ડી.જી. વીજીલન્સ સ્કવોર્ડના અધિકારીઓએ દરોડો પાડી વિદેશી દારૂનો જથ્થો તેમજ એક મોટરકાર અને સ્કૂટર મળી કુલ ૨૬.૩૦ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ચાર આરોપીઓ પૈકી ઓરડીઓના માલિક ગજ્જરની ધરપકડ કરી હતી. પકડાયેલ દારૂનો જથ્થો રમેશ ઈન્દ્રમલ મારવાડીનો હોવાનું જણાતાં પોલીસે તેને તથા સ્થળ પરથી કબજે કરાયેલ મોટરકાર અને સ્કૂટર ચાલક વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ અન્વયે ઊંઝા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

આ દારૂના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પકડાયા નથી ત્યાં એક સપ્તાહ બાદ સપ્ટેમ્બરની આખરમાં સ્થાનિક પોલીસે ઊંઝા નજીકના ટુંડાવ-સિંહી વચ્ચે કેનાલ પરથી દારૂ ભરેલ રાજસ્થાન પાસિંગની ટર્બો ટ્રક પકડી પાડી અંદરથી ભૂસાના કોથળા નીચે સંતાડેલ ૩૨,૨૩,૨૦૦ની કિંમતના પરપ્રાંતની બનાવટના દારૂના જુદા જુદા માર્કાવાળી પેટીઓ અને બિયરના ટીન કબજે કરી ટ્રક સહિત ૪૭,૨૪,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમયે ટ્રકચાલક સહિત બે જણા ફરાર થઈ ગયા હતા. આ કેસમાં દારૂનો જથ્થો મંગાવનાર તરીકે રમેશ ઈન્દ્રમલ મારવાડીનો આરોપી તરીકે ઉલ્લેખ કરાયો હતો. ઊંઝા વિસ્તારમાં એક સપ્તાહમાં બે જુદા જુદા સ્થળોએથી લાખોની કિંમતનો દારૂનો જથ્થો ઝડપાયો હોવા છતાં આ બંને કેસોમાં હજી સુધી આરોપીઓ ન પકડાતાં પોલીસ તપાસમાં કોઈ જ પ્રગતિ ન થવાથી તપાસ સંદર્ભે લોકોમાં શંકા કુશંકાઓ જાગી છે. દારૂના કેસોમાં મોટાભાગે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનું પોલીસ દફતરે દર્શાવાયું છે. જે અંગે પણ લોકોમાં તરેહ તરેહની વાતો ચર્ચાય છે.

# દાંતીવાડા તાલુકામાં સ્વામી વિવેકાનંદ વિકાસયાત્રા યોજાશે

દાંતીવાડા, તા.૫

દાંતીવાડા તાલુકામાં સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા આજથી ત્રણ દિવસ સુધી તાલુકાના દરેકે દરેક ગામોમાં ફરશે.

આ યાત્રા દરમિયાન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૮-૧૦-૧૨ના રોજ ધાનેરા મુકામે સ્વામી વિવેકાનંદ વિકાસયાત્રાને લઈને તાલુકાની મુલાકાતે આવવાના હોય તાલુકાના ગામ એવા ધાનેરામાં સર્વે જનતાને હાજર રહેવા માટે તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ મોદી, મહામંત્રી નટુભાઈ ચૌધરી, સુધિરસિંહ, તાલુકા પંચાયતના પ્રમુખ ઈશ્વરભાઈ ભૂતડીયા તેમજ જિલ્લા ભાજપના વિવિધ સેલના પ્રમુખો તેમજ મંત્રીઓને ઉપસ્થિત રહેવા પ્રમુખ દ્વારા જણાવવામાં આવેલ છે.

વિધાનસભા ચૂંટણી ચકચાર

# ૨૦-૨૯ વર્ષના મતદારોની ભૂમિકા ખૂબ મહત્વની હશે

## કુલ મતદારો પૈકી ૯૯.૪૩ ટકા મતદારો પાસે ઓળખપત્ર ૨૦થી ૨૯ વર્ષની વયના ૯૯૫૬૨૩૪ મતદારો નોંધાયા

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો છે. ચૂંટણી પંચ તરફથી ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થઈ ગયા બાદ એકબાજુ આચાર સંહિતા અમલી બની ગઈ છે.

બીજી બાજુ રાજકીય પક્ષો પણ અંતિમ તૈયારીમાં લાગી ગયા છે. ભાજપ અને કોંગ્રેસની પ્રતિષ્ઠા ફરી એકવાર દાવ ઉપર લાગેલી છે. વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં મતદાન ૧૩મી ડિસેમ્બરે અને બીજા તબક્કામાં મતદાન ૧૭મી ડિસેમ્બરે યોજાનાર છે. ચૂંટણી પંચે નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા તમામ પગલાં પહેલાથી જ લઈ ચૂક્યા છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થવાની સાથે જ મતદારોને લઈને પણ સસ્પેન્સની સ્થિતિ હવે દૂર થઈ ચૂકી છે. વિધાનસભાની ચૂંટણી દરમિયાન ૧લી જાન્યુઆરી ૨૦૧૨ની લાયકાતની તારીખના સંદર્ભમાં તૈયાર કરવામાં આવેલી મતદાર યાદીનો ઉપયોગ કરવામાં આવશે.

આ મતદાર યાદીમાં કુલ ૩૭૮૧૫૩૦૬ મતદારો નોંધાયેલા છે જે પૈકી ૧૯૭૯૮૦૧૨ પુરુષો તથા ૧૮૦૧૭૧૨૫ મહિલાઓ તથા ૧૬૯ અન્ય મતદારો છે. તથા વયગ્રુપ પ્રમાણે મતદારોની ગણતરી કરવામાં આવે તો ૨૦થી ૨૯ વર્ષની વય જૂથના મતદારોની સંખ્યા સૌથી વધારે જોવા મળી રહી છે જ્યારે ૩૦થી ૩૯ વર્ષના વય જૂથના મતદારોની સંખ્યા પણ ખૂબ વધારે છે. તે જોતા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૨૦થી ૨૯ વર્ષના મતદારોની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. કુલ મતદારો પૈકી ૯૯.૪૩ મતદારો રાજ્યમાં ફોટો ઓળખપત્ર ધરાવે છે જ્યારે કુલ મતદારો પૈકી ૯૯.૧૮ ટકા અથવા તો ૩૭૫૦૫૭૩૧ જેટલા મતદારો મતદાર યાદીમાં ફોટો ઈમેજ ધરાવે છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે રાજ્યમાં ૪૪૪૯૬ મતદાર મથકો સ્થાપિત કરવામાં આવશે. કુલ ૨૭૦૪૯ મતદાન કેન્દ્રો ખાતે મતદાન થશે. ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યાની સાથે જ ચૂંટણીનો તખ્તો ગોઠવાઈ ગયો છે.

આવનાર દિવસોમાં તમામ રાજકીય પક્ષો વચ્ચે એકબીજાને પછાડવાની તથા આક્ષેપબાજી વધુ તીવ્ર બનનાર છે. દેશના સૌથી વિકસિત રાજ્યોમાં સ્થાન ધરાવનાર ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પર તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. માત્ર ભારતીય રાજ્યોની જ નહીં બલ્કે વિદેશી રાષ્ટ્રોના ટોચના નેતાઓ પણ ગુજરાત ઉપર નજર કેન્દ્રીત કરી ચૂક્યા છે. જુદા જુદા ક્ષેત્રોમાં મોટા હબ તરીકે ગુજરાતની ગણતરી કરવામાં આવે છે આવી સ્થિતિમાં ચૂંટણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોતી સત્તા જાળવી રાખવા મેદાનમાં ઊતરી ચૂક્યા છે. બીજી બાજુ કોંગ્રેસ આ વખતે વધારે તાકાત સાથે મેદાનમાં ઉતરીને ભાજપને સત્તામાંથી દૂર કરવા તૈયાર છે. બંને પક્ષો મતદારોને પ્રભાવિત કરવા નવી નવી યોજનાઓ આચાર સંહિતા અમલમાં આવે તે પહેલા જાહેર કરી ચૂક્યા છે. પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે.

### વયજૂથ પ્રમાણે મતદારો

| | |
|---|---|
| ૧૮-૧૯ વર્ષની વયના મતદાર | ૧૨,૮૭,૨૧૭ |
| ૨૦-૨૯ વર્ષની વયના મતદાર | ૯૯,૫૬,૨૩૪ |
| ૩૦-૩૯ વર્ષની વયના મતદાર | ૯૩,૩૩,૯૮૧ |
| ૪૦-૪૯ વર્ષની વયના મતદાર | ૭૪,૦૪,૮૩૭ |
| ૫૦-૫૯ વર્ષની વયના મતદાર | ૫૦,૫૮,૭૨૫ |
| ૬૦-૬૯ વર્ષની વયના મતદાર | ૨૮,૯૮,૫૯૯ |
| ૭૦-૭૯ વર્ષની વયના મતદાર | ૧૪,૪૮,૧૭૪ |
| ૮૦થી વધુ વયના મતદાર | ૪,૨૭,૫૩૯ |

# દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભાજપ-કોંગીની વચ્ચે સ્પર્ધા

## દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસ સ્થિતિને સુધારવા આશાવાદી ભાજપે આદિવાસીઓ માટે ઘણી યોજનાઓ જાહેર કરી

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થઈ ચૂક્યો છે અને ભાજપ-કોંગ્રેસ રણનીતિ ઘડી કાઢવામાં વ્યસ્ત છે ત્યારે એકબીજાના ગઢમાં ગાબડા પાડવા માટે બંને પક્ષો છેલ્લી ઘડીની વ્યૂહરચના ઉપર કામ કરી રહ્યા છે. દક્ષિણ ગુજરાતમાં પરંપરાગત રીતે કોંગ્રેસની સ્થિતિ મજબૂત રહી છે. દક્ષિણ ગુજરાતમાં અલબત્ત ભાજપે છેલ્લી ચૂંટણીમાં સારો દેખાવ કર્યો હતો અને ૨૦૦૭માં ૩૬ ગઢો પૈકી ૧૯ જીતી હતી છતાં દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસની સ્થિતિ પણ નબળી નથી. ૨૦૦૭માં કોંગ્રેસે દક્ષિણ ગુજરાતમાં ૩૬ પૈકી ૧૪ બેઠકો મેળવી હતી જ્યારે ૨૦૦૨માં ૩૬ પૈકીની ૧૨ બેઠકો મેળવી હતી. કોંગ્રેસ દક્ષિણ ગુજરાતમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરીને અહીં ભાજપ પાસેથી વધુ બેઠકો આંચકી લેવા માટે ઉત્સુક છે. બીજી બાજુ ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવે તો ઉત્તર ગુજરાતમાં પણ કોંગ્રેસની સ્થિતિ પ્રમાણમાં એકદમ નબળી નથી. અહીં કુલ ૩૨ બેઠકો પૈકી ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપે ૨૫ અને કોંગ્રેસે ૭ બેઠકો જીતી હતી. જ્યારે ૨૦૦૨માં ઉત્તર ગુજરાતમાં ૩૨ પૈકી ભાજપે ૧૮ અને કોંગ્રેસે ૧૩ બેઠકો જીતી હતી. ટૂંકમાં ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસ વચ્ચે ભાજપ વચ્ચે મુખ્ય સ્પર્ધા જોવા મળી શકે છે. કચ્છ, સૌરાષ્ટ્રમાં ભાજપના મોટા ગઢ તરીકે છે. ઉત્તર ગુજરાતમાં ભાજપની સ્થિતિ દિનપ્રતિદિન મજબૂત બની છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આ જ પ્રદેશના છે. પક્ષે અહીં ૨૦૦૨માં ૧૮ સીટો જીતી હતી. જ્યારે ૨૦૦૭ની ચૂંટણીમાં ૨૫ બેઠકો જીતી હતી અને પોતાની બેઠકોની સંખ્યા વધારી હતી. મોદી પરિબળના કારણે ઉત્તર ગુજરાતમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો જ્યારે દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસની સ્થિતિ સારી રહી છે પરંતુ ૨૦૦૭માં તેને પછડાટ પડી હતી. કોંગ્રેસ ૨૦૧૨માં દક્ષિણ ગુજરાતમાં સ્થિતિ સુધારવા પ્રયાસ કરશે. જો કે ભાજપે પણ મતદારોને પોતાની તરફેણમાં રાખવા માટે શ્રેણીબદ્ધ કલ્યાણ યોજનાઓ જાહેર કરી છે જેનો સીધો ફાયદો મળી શકે છે. સૌરાષ્ટ્રમાં કેશુભાઈ પટેલની સ્થિતિ મજબૂત રહી છે જેથી આ વખતે કેશુભાઈ પટેલ ભાજપના મતમાં ગાબડા પાડી શકે છે. ચૂંટણી પંડિતોના જણાવ્યા મુજબ ૨૦૦૭માં કેશુભાઈ પટેલ દૂર રહ્યા હોવા છતાં ભાજપે શાનદાર દેખાવ કર્યો હતો પરંતુ આ વખતે સ્ટોરી અલગ બની શકે છે. કેશુભાઈ મોદી સામે ખુલ્લી રીતે મેદાનમાં આવી ગયા છે.

# કેન્દ્રના કોંગ્રેસી પંજાએ દેશની જનતાને બરબાદ કરી : મોદી

## કોંગ્રેસ પાર્ટી ચૂંટણી લડતી જ નથી, ચૂંટણી લડવાનું કામ સીબીઆઈને સોંપ્યું છે

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કચ્છ-રાપરથી મોરબી ટંકારા થઈને જામનગરનો ઝંઝાવાતી પ્રવાસ કરતા જનતા જનાર્દનના ભાજપા સરકાર ઉપરના અગિયાર અગિયાર વર્ષના અપાર પ્રેમનો અને ભરોસાનો આદર કરતા જણાવ્યું કે આ વખતની ચૂંટણીનો કારોબાર નરેન્દ્ર મોદી નહીં, છ કરોડ ગુજરાતનીઓએ સંભાળી લીધો છે, કારણ કે કેન્દ્રના કોંગ્રેસી પંજાએ દેશની જનતાને છેતરીને બરબાદ કરી છે પણ ગુજરાત ફસાવા માંગતું નથી.આજે વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનું કચ્છના રાપરથી નેતૃત્વ કરી રહેલા નરેન્દ્ર મોદીએ રાપર અને ભચાઉ, રાજકોટ જિલ્લામાં મોરબી અને ટંકારા તથા જામનગર જિલ્લામાં ધ્રોળ અને જામનગરનો ઝંઝાવાતી યાત્રા માર્ગ આવરી લીધો હતો.રાપર અને ભચાઉમાં વિશાળ જનસભાઓમાં મુખ્યમંત્રીએ કોંગ્રેસને વિકાસના મુદ્દે પડકારતા જણાવ્યું કે દશ વર્ષમાં ગુજરાતનો જે વિકાસ થયો છે તે આખી દુનિયામાં ગુજરાતીઓને ગૌરવ અપાવે છે. ઉડીને આંખે વળગે એવો વિકાસ થયો છે પણ કોંગ્રેસની ગાંધીનગરની સત્તાભૂખ એટલી વકરી ગઇ છે કે ગુજરાતને બદનામ કરવા જૂઠ્ઠાણા ફેલાવી રહી છે.તેમણે જણાવ્યું કે ગુજરાતની આ ચૂંટણી કોંગ્રેસ લડતી નથી, તેના ઉમેદવારો ઉભા રહેવાના છે પણ ચૂંટણી લડવાનું કામ તો સીબીઆઈ કરી રહી છે.

# તલોદ પાલિકા દ્વારા ગાંધી જયંતિની ઉજવણી કરાઈ

તલોદ, તા. ૫

તલોદ તાલુકાના અંબાજી ચોકમાં સ્થિત ગાંધીજીની પ્રતિમાને નગરપાલિકા પ્રમુખ દક્ષાબેન પટેલના હસ્તે સુતરની આંટી પહેરાવી મહાત્મા ગાંધીની ૧૪૩મી જન્મ જયંતિની શાનદાર ઉજવણી તલોદ નગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે પાલિકાના કર્મચારી ગણ, કાઉન્સીલરો, અગ્રણીઓ, વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અને વિવિધ ગીત સંગીત અને ગાંધીજીના ગીતોની યાદ તાજા કરી કરાવી હતી અને સૌએ એકઠા થઈ ગાંધી જયંતિની શાનદાર ઉજવણી કરી હતી.


**પશ્ચિમ રેલવે**

**દસ્તાવેજ ચકાસણી માટે નોટીસ**

**વિષય :** શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારોની દસ્તાજેવોની ચકાસણી

**સંદર્ભ :** એમ્પ્લોયમેન્ટ નોટીસ નં. ૨/૨૦૧૦ ઉપરના વિષય સંદર્ભે ઉમેદવારોના તમામ દસ્તાવેજોની ચકાસણી આરઆરસી દ્વારા આગામી તા. ૯ અને ૧૦ ઓક્ટોબર-૨૦૧૨ના રોજ કરવામાં આવશે. ૧૩૯ ઉમેદવારોને તેમના કોલ લેટર અગાઉથી મોકલી અપાયા છે. જે શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારોને કોલલેટર ન મળ્યા હોય તેમણે ૫-૧૦-૨૦૧૨ સુધીમાં આરઆરસીની વેબસાઈટ www.rrc-wr.com પરથી ડાઉનલોડ કરી લેવા. ઉમેદવારોએ તેમના ઓરીજનલ કોલલેટર / ડાઉનલોડ કરેલા કોલલેટર અને બધા જ ઓરીજનલ સર્ટીફિકેટ અને પાંચ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તથા માન્યતા પ્રાપ્ત ઓળખપત્રસાથે સમયસર હાજર થવાનું રહેશે. CC10/14

છત પર બેસી પ્રવાસ ન કરો



**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. ગાંધીનગર**

**જાહેર નિવિદા**

**જાહેરાત ક્રમાંક - ૯/૨૦૧૨-૨૦૧૩**

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ વિભાગ-૨, ઘ-ટાઈપ, બ્લોક નં. ૬૭૬/૪, સેક્ટર-૭/૮ના બસ સ્ટેન્ડ સામે, સેક્ટર-૮, ગાંધીનગર, ફોન નંબર - ૦૭૯ - ૨૩૨૪૧૧૬૮ દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાન વિભાગમાં તથા નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન બી-૧ ભાવપત્રકો માંગવામાં આવે છે.

(૧) કામનું નામ : મોજે રણેલા ખાતે મોઢેરાથી મોટીદાઉ (સુસુ કેનાલ)ના હયાત સ્કાવર વાલ્વથી આરસીસી પાઈથી તળાવ જોડાણની કામગીરી
(૨) અંદાજીત રકમ : (૧) ૩૩,૯૧,૧૨૬/-
(૩) ઈજારદારનો વર્ગ તથા ટેન્ડર ફી : ઈ-૧ અને ઉપર રૂ. ૧૫૦૦/-
(૪) ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૩/૧૦/૨૦૧૨ ૧૮.૦૦ કલાક સુધી
(૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો ફીજીકલી કચેરીમાં રજૂ કરવાની તારીખ : તા. ૨૫/૧૦/૨૦૧૨ના રોજ ૧૭-૦૦ કલાક સુધી (હાથઓહાથ)

બાનાની રકમની મુદત ૧૮૦ દિવસની હોવી જોઈએ અન્યથા ટેન્ડર ગણત્રીમાં લેવામાં આવશે નહીં.
EMD Exemption સર્ટીફિકેટ સ્વીકારવામાં આવશે નહીં.
વધુ વિગતો નિગમ/સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.in અથવા www.statetenders.com અને www.nwr.nprocure.com મારફતે જોઈ શકાશે તથા ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે.

માહિતી/૧૬૫૪/૧૨-૧૩



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD
Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE — બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ — ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

**Nirmala Tyres**

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮